Item No. 47.25

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

<u>વંચાણે લીધેલ:-</u>

(૧) રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સંયુકત સચિવ અને અપીલ અધિકારીશ્રી શ્રી જે.ડી.દવે નો હુકમ ક્રમાંક: આકૃયુ-૧૪૨૦૧૭-૬૨૫-ક-૨ તા.૧૧/૧૨/૨૦૧૭

(૨) ડૉ. એન.જે. વિહોલ, નિવૃત્ત મદદનીશ પ્રાધ્યાપક(બાગાયત), આણંદનો તા.૦૪/૦૪/૨૦૧૮નો પત્ર

(૩) યુનિવર્સિટીના નિયામક મંડળની તા.૧૦/૦૪/૨૦૧૮ના રોજ મળેલ ૪૭મી બેઠકની કાર્યવાહી નોંધ (સંદર્ભ-મુદ્દા નં.૪૭.૨૫)

## <u>કાર્યાલય આદેશ</u>

બાગાયત કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા હાલ નિવૃત્ત ડૉ. એન.જે. વિહોલ, ને આ યુનિવર્સિટીના કાર્યાલય આદેશ નં. આકૃયુ/રજી/સીસી.૨/ખાનગી/૬૬૬-૭૦, તા.૧૯-૧૨-૨૦૧૬થી શિક્ષાત્મક પગલાં લેવામાં આવતા ડૉ. વિહોલે સદરહું શિક્ષાને ગેરકાયદેસર ગણીને કૃષિ યુનિવર્સિટીના ૨૦૦૪ના એકટની કલમ ૫૦(૩)માં થયેલ જોગવાઇ મુજબ રાજય સરકારને એટલે કે સંયુકત સચિવ અને અપીલ અધિકારીશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરને તા.૦૮-૦૩-૧૭થી અપીલ કરેલ હતી. ડૉ.વિહોલે કરેલ અપીલના સંદર્ભમાં સંયુકત સચિવશ્રી અને અપીલ અધિકારીશ્રીએ પત્ર ક્રમાંક:અકવ-૧૪૨૦૧૭-૮૨૫-ક.૨, તા.૨૪-૫-૨૦૧૭થી અહેવાલ માંગેલ હતો જે આ કચેરીના પત્ર જા.નં. આકૃયુ/ રજી/ લીગલ/સીસી.૨/૪૧૮, તા.૧૫-૭-૨૦૧૭થી મોકલી આપેલ હતો.

સંયુકત સચિવશ્રી અને અપીલ અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરે સંદર્ભ-૧ના તા.૧૧/૧૨/૨૦૧૭થી ડૉ. વિહોલની અપીલ અરજી સંદર્ભે આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળે પ્રથમ અપીલ અરજી રજૂ કરવા અને નિયમોનુસારની પ્રક્રિયા/ કાર્યવાહી હાથ ધરી તે સંદર્ભે નિયામક મંડળ દ્વારા આગળની કરવા પાત્ર થતી કાર્યવાહી સંપન્ન કરવા અર્થે કેસ રીમાન્ડ કરતો હુકમ કરેલ હતો.. જે અન્વયે તેમજ સંદર્ભ-૨ની ડૉ. વિહોલની રજુઆત ને ધ્યાને લઇને નિયામક મંડળની તા.૧૦/૦૪/૨૦૧૮ના રોજ મળેલ બેઠકમાં રજુ કરતાં ઠરાવ નં.૪૭.૨૫થી નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, નિયામક મંડળની ૪૪મી બેઠકના મુદા નં.૪૪.૧૬થી ડૉ. એન.જે. વિહોલ, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત વિંગ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ સામે ઠરાવેલ શિક્ષાત્મક પગલાં અંગેની કાર્યવાહી સંપન્ન કરેલ છે. જે અંગેની જાણ સંયુકત સચિવ અને અપીલ અધિકારી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને કરવી."

" વધુમાં આ અંગે ઠરાવ્યું કે ડૉ. વિહોલ સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ નિયમોનુસારની છે. નામદાર કોર્ટ તરફથી જે હુકમ થયેલ છે અને યુનિવર્સિટીએ જે શિક્ષાનો હુકમ કરેલ છે તેની સરખમામણી થઇ શકે નહી. બંનેમાં આક્ષેપો અલગ અલગ હતાં. આમ, બંને ફોરમની ન્યાયિક પ્રક્રિયા જે તે સક્ષમ સત્તાધિશોએ કરેલ છે. યુનિવર્સિટી તરફથી તા.૧૯/૧૨/૨૦૧૬ના રોજ શિક્ષાત્મક હુકમ કરેલ જ્યારે નામદાર કોર્ટ તરફથી તા.૦૯/૦૫/૨૦૧૭ના રોજ ચુકાદો જાહેર થયેલ છે. ડૉ. વિહોલને યુનિવર્સિટીના હૂકમમાં બે શિક્ષાઓ કરવામાં આવી નથી તેવું પણ ઠરાવવામાં આવે છે.

નિયામક મંડળે ડૉ વિહોલની રજુઆત ગ્રાહ્ય નહિ રાખીને કુલપતિશ્રીના પગલાને વ્યાજબી ઠરાવ્યું છે.

આથી હું ડૉ.એન.સી.પટેલ, કુલપતિ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ઉપરોકત બાબતે નિયમોનુસાર થયેલ સમગ્ર વહીવટી પ્રક્રિયા તથા હકીકતોને ધ્યાને રાખી આ કિસ્સામા ડૉ. વિહોલને જે શિક્ષાના હુકમ કરેલ છે જેને નિયામક મંડળે માન્ય રાખેલ છે. જેથી શિક્ષાને યથાવત પરિસ્થિતિમાં ચાલું રાખવા હુકમ કરુ છું.

NPatel
(એન.સી.પટેલ)
કુલપતિ

જા.નં. આકૃયુ/રજી/લીગલ/૧૪૩-૪૫/૧૮
તા. ૦૮/૦૫/૧૮, આણંદ.

<u>નકલ રવાના</u>:

ડૉ. એન.જે. વિહોલ, મદદનીશ પ્રાધ્યાપક(બાગાયત) હાલ નિવૃત્ત
(મારફતઃ આચાર્યશ્રી, બાગાયત કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ)

(૧) સંયુકત સચિવ (કૃષિ યુનિ.) અને અપીલ અધિકારી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય,ગાંધીનગરતરફ આપના હુકમ જા.નં.આકૃયુ/૧૪૨૦૧૭/૬૨૫/ક.૨, તા.૧૧/૧૨/૨૦૧૭ અન્વયે જાણ થવા વિનંતી.

(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.